# પુરાતત્ત્વ વિભાગની અને કોન્ટ્રાકટરની મિલીભગતથી દસમી સદીની ઐતિહાસિક હરીશચંદ્રની ચોરીનો ગોડાઉન તરીકે ઉપયોગ

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ પવિત્ર યાત્રાધામ ખાતે આવેલ હરીશચંદ્ર રાજાની દશમી સદીની ઐતિહાસિક ચોરી પુરાતત્ત્વ વિભાગ દ્વારા સુરક્ષિત સ્મારક પાછળ સાફ સફાઈ કરવા અને તેની જાળવણી કરવામાં લાખો ગોડાઉનોના ઉપયોગમાં લેવામાં આવી રહ્યા છે. કેટલાક આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ અધિકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ઠેકેદારોની મિલીભગતથી આજે આ ચોરીના સુરક્ષિત માટેના કોન્ટ્રકટરો દ્વારા પોતાના ધંધાનું ગોડાઉનો બનાવી દીધા છે. પડે છે. તે મેળાની વહીવટીતંત્ર દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહી છે. ત્યારે નાગધરો અને નદી તેમજ હરીશચંદ્રની ચોરીમાં ગંદકીના ઢગલાના ઉકરડાથી સ્થાનિકોમાં રોષ છે. અરવલ્લી જિલ્લાના ઉત્સાહી કલેકટર દ્વારા આ ઐતિહાસિક હરીશચંદ્રના સ્મારકના કોન્ટ્રાકટરને



રૂપિયાની સરકાર દ્વારા ગ્રાન્ટ આપવામાં આવે છે. પણ પુરાતત્વ વિભાગની ઓફિસ હવે ગાંધીનગર હોવાથી સ્થાનિક સ્તરે કોઈ અધિકારીઓની જવાબદારીઓ નહીં હોવાથી ઠેકેદારો-કોન્ટ્રકટરો દ્વારા પોતાના ધંધા માટેના ભગવાન શામળિયાના કાર્તિકી પૂર્ણિમાના મહા મેળો રાજસ્થાન મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ સહિત અંબાજીથી ઉમરગામની આદિવાસીઓના પૂર્વ પટ્ટીમાંથી અસંખ્ય શ્રદ્ધાળુઓ લાખોની સંખ્યામાં દસ દિવસ સુધી ઉમટી પેનલ્ટી સાથે દંડ વસુલ કરાવવો જોઈએ અને જયારથી કોન્ટ્રક મળેલો છે ત્યારથી પાઈપલાઈનના માલ સમાનનું ગોદામ બનાવ્યું છે તેનું ભાડું વસુલ કરાવી સરકાર માં જમા કરાવવાની કાર્યવાહીની લોક માગણી ઉભી થઈ છે.

## પાલનપુર ખાતે સ્પોર્ટસ સ્કૂલમાં પ્રવેશ માટે ૨૭મીએ કસોટી યોજાશે

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સંચાલિત જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજના અંતર્ગત ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન દ્વારા પ્રતિભાશાળી ખેલાડીઓની પસંદગી પ્રક્રિયાના ભાગરૂપે આગામી તા. ૨૭/૧૧/૨૦૧૮ના રોજ જિલ્લા કક્ષા બેટરી ટેસ્ટનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ખેલ મહાકુંભ-૨૦૧૮માં તાલુકા કક્ષાની અં-૯ તથા અં-૧૧ ઈવેન્ટમાં ક્રમ-૧ થી ૮ માં પસંદગી પામેલ ૧/૧/૨૦૦૮ પછી જન્મેલા તમામ ભાઈઓ તથા બહેનો આ બેટરી ટેસ્ટમાં ભાગ લઈ શકશે. યોજના વિશેની વધુ માહિતી માટે સિનિયર કોચશ્રીની કચેરીનો સંપર્ક કરવા જણાવ્યુંછે. ૨૭નવેમ્બર-૧૮ના રોજ વિમળા વિધાલય એજ્યુકેશન કેમ્પસ, ગઢ તા. પાલનપુર ખાતે સવારે-૮ કલાકે યોજાશે. સંપર્ક માટે કન્વીનરનો સંપર્ક નંબર-૯૭૧૪૭ ૫૫૫૦૬ અને ૯૮૯૮૧૩૯૫૨૨ છે.

# ધનસુરા પોલીસે કનાલ ગામ નજીક માઝુમ નદીને કિનારે ત્રાટકી દેશી દારૂની પાંચ ભઠ્ઠીનો નાશ

ધનસુરા, તા. ૧૭

અરવલ્લી જીલ્લા સહીત ધનસુરા પંથકમાં દેશી દારૂની પોલીસવડા મયુર પાટીલે જિલ્લામાં ગેરકાયદેસર ચાલતી ગુન્હાહિત પ્રવૃત્તિ નેસ્તનાબૂદ કરવાની હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ધનસુરા પીએસઆઈ પી.ડી. બબાજી પરમાર, હેમતાજી પ્રતાપજી પરમાર દ્વારા ચલાવતી ભઠ્ઠીનો નાશ કરી દેશી દારૂ ૧૯૦ લીટર કિં. રૂ.





ભઠ્ઠીઓ ધમધમી રહી છે. દરરોજ લાખ્ખો રૂપિયાનો દેશી દારૂનો વેપલો થઈ રહ્યો છે. માઝુમ, વાત્રક અને મેશ્વો નદીની કોતરોમાં મોટી સંખ્યામાં દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમતી હોવાની અનેક બૂમો વચ્ચે ધનસુરા પોલીસે જીલ્લા સૂચનાના પગલે ધનસુરા પોલીસે માઝુમ નદીના કિનારે કનાલ ગામની સીમમાં ચાલતી દેશી દારૂની ભઠ્ઠીઓ પર ત્રાટકી ૫ ભઠ્ઠીનો નાશ કરી રૂ.૧૬૦૬૦નો મુદ્દામાલ જપ્ત કરી કનાલ ગામના ૫ શખ્સો સામે પ્રોહિબિશન એક્ટ રાઠોડ અને તેમની ટીમે કનાલ ગામ નજીક માઝુમ નદીના કિનારે વહેલી સવારે ત્રાટકી અલગ અલગ વિસ્તારમાં દેશી દારૂની ભઠ્ઠી ચલાવતા સંજય ફુલાભાઈ પરમાર, રણજીતસિંહ શબાજી પરમાર, જશુજી ચંદુજી પરમાર, રંગાજી ૩૮૦૦ ગોળ મહુડાનો વોશ લીટર ૨૮૧૫ કિં. રૂ. ૧૧૨૬૦ તથા દેશી દારૂ ગાળવાના અન્ય સાધનો મળી કુલ રૂ.૧૬૦૬૦નો મુદ્દામાલ જપ્ત કરી ઉપરોક્ત ૫ ઈસમો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના હાજીપુરા પાસે આઈસરમાં આગ લાગી

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના હાજીપુરા પાસે હિંમતનગર તરફથી આવતી આઈસરમાં આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી. જઈ રહેલ આઈસર નંબર-જીજે.૧૮.૮૯૭૮માં અચાનક આગ લાગતાં નાસભાગ મચી જવા પામી હતી. આઈસરમાં રહેલ બધો માલસામાન બળીને સ્વાહા થઈ ગયો.



જોતજોતામાં આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં આઈસરમાં રહેલ માલ સ્વાહા થઈ ગયો હતો. હિંમતનગર ફાયર ટીમ દ્વારા આઈસરમાં લાગેલ આગને હોલવવામા આવી હતી.

અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના હાજીપુર પાસે હિંમતનગર તરફથી

હિંમતનગર ફાયર ફાયટર ટીમને જાણ કરતાં ફાયર ટીમ ઘટના સ્થળે દોડી આવીને આઈસરમાં લાગેલ આગને હોલવવામા આવી હતી પણ આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં જોત જોતામાં આઈસર તથા આઈસરમાં રહેલ બધો માલ બળીને ખાખ થઈ ગયો હતો.



### અરવલ્લી જિલ્લામાં શ્રદ્ધાંજલિ દિવસ ઉજવાયો

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર નજીક આવેલા ગાજણ ટોલપ્લાઝા નજીક આર.ટી.ઓ.પોલીસતંત્ર અને એલ.એન્ડ.ટી. પરિવાર દ્વારા રાજ્ય ધોરીમાર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને ગુલાબના ફૂલ આપી ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અને ટ્રાફિક નિયમો અંગે જાગૃત કરી માર્ગ અકસ્માતમાં ભોગ બનેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી વિશ્વ શ્રદ્ધાંજલિ દિવસની ઉજવણી કરી હતી.

# હિંમતનગર જીઆઈડીસીમાં ચોરી કરનાર ત્રણ શખ્સો પકડાયા

હિંમતનગર, તા. ૧૭

હિંમતનગર જીઆઈડીસીમાં આવેલ એક ફેકટરીની ઓફીસમાંથી દિવાળીના આગલા દિવસે રૂ. ૫ લાખની ચોરી થયાની ફરીયાદ હિંમતનગર એ.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયા બાદ તેની તપાસ એલસીબીને સોંપાયા પછી બાતમીને આધારે પોલીસે શુક્રવારે આ ત્રણેય જણાને મોતીપુરા વિસ્તારમાં આવેલ સર્વીસ રોડ પરથી રૂ. ૩.૮ લાખથી વધુની રોકડ સાથે ઝડપી લીધા હતા.

આ અંગે એલસીબીના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ દિવાળીના આગલા દિવસે એટલે કે કાળીચૌદસના દિવસે હિંમતનગર જીઆઈડીસીમાં આવેલ એક ફેકટરીની ઓફીસમાંથી રૂ. ૫ લાખની નવી ચલણી નોટોની ચોરી થયાની ફરીયાદ એ. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. ત્યારબાદ ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા માટે સાબરકાંઠા એલસીબીને તપાસ સોંપાઈ હતી. દરમ્યાન શુક્રવારે એલસીબીને એવી બાતમી મળી હતી કે જીઆઈડીસી ફેકટરીમાં આવેલ એક ઓફીસમાં ચોરી કરનાર ત્રણ શખ્સો મોતીપુરા વિસ્તારમાં આવેલ સર્વીસ રોડ પર ચોરેલા પૈસાની વહેંચણી કરવાના છે.

જે આધારે એલસીબીએ વોચ ગોઠવીને લેન્ડમાર્ક હોટલ પાસે ઉભેલા ત્રણ શકમંદોની પુછપરછ કરી હતી અને તેમની ઝડતી લેતા તેમની પાસેથી રૂ. ૩.૮ લાખથીવધારે નવી ચલણી નોટો મળી આવી હતી.

જેથી પોલીસે કડકાઈ કરતા પકડાયેલા નરેન્દ્રસિંહ ઉર્ફે અકબર હઠીસિંહ પરમાર, જગદિશસિંહ શીવસિંહ પરમાર અને હાલુસિંહ ઉર્ફે હાલિયો ભરતસિંહ ઝાલા ભાગી પડ્યા હતા અને પોલીસ સમક્ષ આ નવી ચલણી નોટો જીઆઈડીસીમાં આવેલ એક ફેકટરીની ઓફીસમાંથી ચોરી કરી હોવાનું કબુલ્યુ હતુ. જેથી પોલીસે રોકડ સહીત ત્રણ જણાની ધરપકડ કરી વધુ તપાસ માટે એ. ડીવીઝન પોલીસને હવાલે કર્યા હતા.

## કાથરોટીમાં છેડતીનો પ્રયાસ કરતા ફરીયાદ

વિજયનગર તાલુકાના કાથરોટી ગામના એક શખ્સે અઠવાડીયા અગાઉ એક યુવતીનો એકાંતનો લાભ લઈ જપાજપી કરી છેડતી કરવાનો પ્રયાસ કરતા આ યુવતીએ એક શખ્સ વિરૂદ્ધ શુક્રવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા. ૯ નવેમ્બરના રોજ તેણી રસ્તા પરથી પસાર થઈ રહી હતી ત્યારે તેણીના એકાંતનો લાભ લઈ દિલીપભાઈ ઉર્ફે સેંગો વાઘજીભાઈ કટારાએ બદકામ કરવાના ઈરાદે કૈલાસબેનને રોકી જપાજપી અને ખેંચતાણ કરતા કૈલાસબેને બુમાબુમ કરતા દિલીપભાઈ ભાગી ગયો હતો.

# માલપુર તાલુકાના પુજારાની મુવાડી ગામની યુવતી પર અમદાવાદમાં ગામના શખ્સે આચર્યુ દુષ્કર્મ

અરવલ્લીના માલપુર તાલુકાના પુજારાની મુવાડી ગામની મહિલા દુષ્કર્મનો ભોગ બની હોવાની કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આરોપી જસવંત પુજારા નામના શખ્સે ઈકો વાનમાં અપહરણ કરી દુષ્કર્મ આચર્યું હતું. આરોપીએ માલપુરથી યુવતીને ગામડે લઈ જવાનું કહી ઈકો ગાડીમાં અમદાવાદના ચંદલોડિયા રહેતા આરોપીના સંબંધીના ઘેર લઈ જઈ યુવતીની મરજી વિરુદ્ધ જઈ દુષ્કર્મની ઘટનાથી સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ઉલ્લેખનીય છે કે ૧૩ નવેંબરના રોજ ભોગ બનનાર યુવતીને માલપુરથી ઈકો ગાડીમાં છેતરીને બેસાડી હતી. વાન મોડાસા તરફ હંકારતા યુવતીએ શખ્સની કહેતા ગાડી ક્યા લઈ જાય છે, તે સમયે યુવતીને જાનથી મારી નાખવાની ધમકી આપતા ગભરાઈ ગયેલ યુવતી મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. વાનનો ચાલક શખ્સ અને યુવતીને અમદાવાદ લઈ ગયો હતો. ત્યાં યુવતીને માર મારી સંબંધીના ઘરે જ દુષ્કર્મ આચર્યુ હતું. ઘટનાની જાણ યુવતીના પરિજનો થતા તેને અમદાવાદથી લાવી સમગ્ર મામલાની ભોગ બનનારે માલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી જશવંતભાઈ રામાભાઈ પુજારા અને ઈકો વાન ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# આજે વડનગર ખાતે તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ અપાશે

મહેસાણા, તા. ૧૭

મહેસાણા જિલ્લામાં વડનગર તાના-રીરી સમાધિ સ્થળ ખાતે દર વર્ષે તાના-રીરી મહોત્સવ યોજવામાં આવે છે. વડનગરની બે નાગર બહેનોની યાદમાં રાજ્ય સરકાર દ્વારા કલા અને સાંસ્કૃતિ વારસો જાળવી રાખવાનું કામ તાના-રીરી મહોત્સવ દ્વારા થઈ રહ્યું છે. તાનસેનને દીપક રાગનું ગાન કર્યું જેનાથી તેના શરીરમાં અગનજવાળાઓ ઉઠી અને મેઘ મલ્હાર રાગ ગાઈ તાના-રીરી બહેનોએ શાંત કરી હતી. આ બાબતની જાણ થતાં અકબર બાદશાહે બે બહેનોને દીલ્હી દરબારમાં બોલાવ્યા પરંતુ બે બહેનો ત્યાં ન જતા વડનગર ખાતે જાતે અગ્નિસ્નાન કર્યું હતું. બે બહેનોની યાદમાં રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે તાના-રીરી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. તાના-રીરી મહોત્સવ દર વર્ષે કારતક સુદ નોમના દિવસે ઉજવવામાં આવે છે. વર્ષ ૨૦૧૦ થી તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ આપવાની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આપવાની શરૂઆત કરાઈ હતી. આ વર્ષે પણ વર્ષ ૨૦૧૭ અને ૨૦૧૮નો તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ રવિવારે આપવામાં આવનાર છે. આ એવોર્ડમાં રૂ. ૦૫ લાખની રાશી, તામ્રપત્ર અને શાલ એનાયત કરવામાં આવે છે. પ્રથમ વર્ષે ૨૦૧૦-૨૦૧૧માં સંયુકત રીતે સંગીત બેલડી લતા અને ઉષા મંગેશ્કરને, બીજા વર્ષે ૨૦૧૧-૨૦૧૨માં પદ્મભૂષણશ્રી ગિરીજાદેવીને, ૨૦૧૨-૨૦૧૩માં કિશોરી અમોનકર, ૨૦૧૩-૨૦૧૪માં સુશ્રી બેગમ પરવીન સુલતાના, ૨૦૧૪-૨૦૧૫માં સુશ્રી સ્વર યોગીની ડો. પ્રભા અત્રે, ૨૦૧૬-૨૦૧૭માં શ્રીમતી વિદુષી મંજુબહેન મહેતા અમદાવાદ અને ડો શ્રીમતી લલીત જે. રાવ મહેતા બેંગ્લોરને અર્પણ કરાયો હતો.

આજે રવિવારે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના મંત્રી ઈશ્વરસિંહ પટેલ સહિત સંસદ સભ્યો, ધારાસભ્યો ઉપસ્થિત રહેનાર છે. મહોત્સવના બીજા દિવસે તાનારીરી પુરસ્કાર વિજેતાઓને સન્માનીત કરાશે.

## વાસણભાઈ આહીર... ● છેલ્લા પાનાનું ચાલુ

છેતરપિંડી આચરી હોવાની વિગતો સામે આવી છે. મંત્રીના અંગત સચિવે સેક્ટર-૭ પોલીસ મથકમાં ચિટરનાં મોબાઈલ નંબર આધારે ફરિયાદ આપતા પોલીસે આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦ અને આઈટી એક્ટ કલમ ૬૬ સી મુજબ ગુનો દાખલ કરી સમગ્ર ઘટનાની તપાસ એલસીબીને આવી છે.

ગાંધીનગર ખાતે સ્વર્ણિમ સંકુલ-૨ના બીજા માળે સ્થિત સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી વાસણભાઈ આહિરના અંગત સચિવ તરીકે કરાર આધારીત ધોરણે ફરજ બજાવતા અને સેક્ટર-૨ ડી નંબર ૧૧૨૯/૨ માં રહેતા વિનોદકુમાર કાંતિલાલ જોશીએ મંત્રી વાસણભાઈ આહિર વતી સેક્ટર-૭ પોલીસ મથકમાં આ મામલે ફરિયાદ નોંધાવી છે. ૧ જુલાઈ ૨૦૧૮ થી ૧ નવેમ્બર ૨૦૧૮ સુધીના સમયગાળા દરમિયાન વાસણભાઈ આહિરના નામથી તેમના જ સગા સંબંધીઓને ફોન કરીને કોઈ અજાણ્યા શખ્સે બેંક ખાતા નંબર આપી તેમાં રૂપિયા ટ્રાન્સફર કરાવી છેતરપિંડી કરી હોવાની ફરિયાદ આપી છે. જે મોબાઈલ નંબર ઉપરથી ફોન કરવામાં આવતો હતો તે નંબર ટુ કોલરમાં પણ વાસણભાઈ આહિરના નામે સેવ કરવામાં આવ્યો હતો જેને પગલે તેમના સગાસંબંધીઓ વાસણ ભાઈનો જ ફોન હોય તેવું માની બેસે. ચિટરે વાસણભાઈ આહિરના ૧૨ જેટલા સગા-સબંધીઓને ફોન કરીને બેંક ખાતા નંબર આપ્યા હતા અને તેમાં રૂપિયા જમા કરાવવા કહ્યું હતું. રૂપિયા જમા કરાવવા પાછળનું કારણ એવું આપ્યું હતું કે 'મારા નજીકના સગાને અકસ્માત થયો છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે તેમને હોસ્પિટલમાં ખર્ચ માટે તાત્કાલિક નાણાકીય સહાયની જરૂર છે'. આ શખ્સે જેને ફોન કર્યા તે પૈકી ત્રણેક સગાઓ વાતોમાં આવી ગયા હતા અને તેણે આપેલા બેંક ખાતા નંબર ઉપર એક લાખ રૂપિયા જમા પણ કરાવી દીધા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. વાસણભાઈ આહિરના અંગત સચિવની ફરિયાદને આધારે પોલીસે ગુનો દાખલ કર્યો છે. સમગ્ર પ્રકરણની તપાસ જિલ્લા પોલીસ અધિક્ષકે એલસીબીને સોપી દીધી છે. મંત્રીના સગા-સંબંધીઓના ફોન નંબર સહિતની વિગતો લાવીને છેતરપિંડી આચરનાર ઠગ મંત્રીનો ઓળખીતો છે કે કેમ તે સહિતની ઊંડી તપાસ શરૂ કરવામાં આવી છે.

## મુંબઈથી ઝડપાયો...

● છેલ્લા પાનાનું ચાલુ

રાજપીપળાનો વતની આ માસ્ટર માઈન્ડ ચિટર રઘુવીર સિંહ ઉર્ફે મુન્નો બળવંતસિંહ ચૌહાણ હોવાનું ખુલ્યું છે. રઘુવીર સિંહ ઉર્ફે મુન્નો નામના આ શખ્સ સામે અગાઉ પણ અનેક છેતરપિંડીની ફરિયાદ થયેલી હોવાનું પોલીસ પાસેથી જાણવા મળ્યું છે. આર્મી ઓફિસર તરીકેની ઓળખ આપીને છેતરપિંડી આચરવાના ગુનામાં આ શખ્સ ભૂતકાળમાં પકડાઈ ચૂકેલો છે. મળતી માહિતી મુજબ વાસણભાઈ આહિરના નામે થયેલી છેતરપિંડીના કેસમાં આ માસ્ટર માઈન્ડે ૬ લાખ રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. અમદાવાદ.સિટી ક્રાઈમની ટીમે મુંબઈથી આ માસ્ટર માઈન્ડ સૂત્રધારની ધરપકડ કરી લીધી છે અને મોડી સાંજે ગાંધીનગર એલસીબીને આરોપી સોંપવામાં આવ્યો છે. આરોપીની વધુ પૂછપરછ ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટ દ્વારા શરૂ કરવામાં આવી છે.

# જોડીયામાં ખારા પાણીમાંથી મીઠુ પાણી બનાવવા તૈયારી

## મુખ્યમંત્રી રૂપાણીની ઉપસ્થિતિમાં એમઓયુ પર હસ્તાક્ષર : ખારા પાણીથી રોજ ૧૦ કરોડ લીટર મીઠુ પાણી બનાવવા પ્રોજેક્ટ ટુંકમાં શરૂ થશે : પાણીનો પ્રશ્ન હલ થશે : રૂપાણી

અમદાવાદ, તા.૧૭

દરિયાના ખારા પાણીમાંથી પ્રતિદિન ૧૦ કરોડ લીટર મીઠું પીવાનું પાણી બનાવવાની ક્ષમતા



ધરાવતો ગુજરાતનો સૌ પ્રથમ ડી-સેલીનેશન પ્લાન્ટ જામનગર જિલ્લાના જોડીયામાં કાર્યાન્વિત થશે. મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં રાજ્ય સરકારના ગુજરાત વોટર ઈન્ફાસ્ટ્રકચર લિમિટેડ અને એસ્સેલ ઈન્ફ્રાપ્રોજેકટસ લિમિટેડ વચ્ચે આજે ગાંધીનગરમાં આ પ્રોજેકટ માટે સમજૂતિ કરાર થયા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજનો દિવસ ગુજરાત માટે ઐતિહાસિક દિવસ બની રહેશે એમ કહીને જણાવ્યું હતું કે, ગુજરાત પાણીની અછતવાળું રાજ્ય નહીં પણ પુરતા પાણીવાળું રાજ્ય બને એ માટે રાજ્ય સરકારે અનેક પગલાં ભર્યા છે. દરિયો ધરતી તરફ આગળ વધી રહ્યો છે એમ કહેવાય છે, પરંતુ દરિયાના ખારા પાણીને મીઠું બનાવીને આપણે દરિયાને પાછો ધકેલવો છે. આવનારી પેઢીને કયારેય 'દુષ્કાળ' શબ્દ ન સાંભળવો પડે એ રીતે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને આપણે દુકાળને ભૂતકાળ બનાવવો છે. જામનગર જિલ્લાના જોડીયા ખાતે દૈનિક ૧૦ કરોડ લીટર દરિયાના ખારા પાણીને ડી-સેલીનેશન દ્વારા મીઠું પીવાનું પાણી બનાવવાના પ્રોજેકટ માટે આજે રાજ્ય સરકારે એમ.ઓ.યુ. કર્યા પછી આગામી દિવસોમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં આ પ્રોજેકટનો શિલાન્યાસ કરાશે એવી જાહેરાત કરતાં મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, ભારતમાં તામિલનાડું પછી ગુજરાત એક માત્ર એવું રાજ્ય છે, જયાં દરિયાના ખારા પાણીને મીઠું બનાવવાનો પ્રોજેકટ શરૂ કરાશે. ગુજરાત પાસે લાંબો દરિયા કિનારો છે, આટલી વિશાળ જળરાશિનો ઉપયોગ કરીને ગુજરાતનો પાણીનો પ્રશ્ન કાયમ માટે હલ કરીને ગુજરાતને જળ સલામતિ પુરી પાડવાનું મારૂં સપનું છે. રૂપાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત માટે




પાણીનો પ્રશ્ન કાયમ માટે ગંભીર રહ્યો છે. નર્મદાના નીરથી આપણે આ પ્રશ્ન મહદ્અંશે ઉકેલી શકયા છીએ. પરંતુ આપણે પાણીના સ્ત્રોતોમાં વૈવિધ્ય લાવવાની આવશ્યકતા છે. નવા સોર્સ ઉભા કરવાની જરૂર છે. ગુજરાત સરકારે સરદાર સરોવર નર્મદા યોજના પૂર્ણ કરી, ભૂગર્ભ જળ ઊંચા આવે એ માટે મોટાપાયે જળ અભિયાન કર્યું, પાણીના પુનઃ વપરાશ માટે પહેલ કરી અને હવે દરિયાના ખારા પાણીને પીવાલાયક બનાવવાનો પ્રોજેકટ શરૂ કરી રહ્યા છીએ. આવી રીતે પાણીના પ્રશ્નને આપણે ભૂતકાળ બનાવવો છે. વિજય રૂપાણીએ આજે જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, સ્થાનિક વસતીની જરૂરિયાતને ધ્યાને લઈને ગુજરાતમાં વિવિધ ક્ષમતા ધરાવતા બીજા પણ ડી-સેલીનેશન પ્લાન્ટ પ્રસ્થાપિત કરાશે. રાજ્ય સરકારનું જોડીયા ઉપરાંત પોરબંદર, દ્વારકા, વેરાવળ અને ઘોઘા (ભાવનગર) ખાતે પણ દરિયાના ખારા પાણીને પીવાલાયક બનાવવાના પ્લાન્ટ પ્રસ્થાપિત કરવાનું આયોજન છે. આ માટે અમલીકરણના ભાગરૂપે સાઈટ સર્વેક્ષણ ફિઝીબિલીટી તથા ટેકનો-ઈકોનોમીકલ અભ્યાસની કામગીરી પણ ટૂંક સમયમાં શરૂ કરાશે.

## ચામઠણમાં વિજ કરંટ લાગતા બળદનું મોત

વિજયનગર તાલુકાના ચામઠણ ગામની સીમમાં આવેલ મગફળીના ખેતરમાં ભેલાણ ન થાય તે માટે એક ખેડૂતે ખેતરને ફરતે વિજ કરંટ આપેલો હતો. જેને ત્રણ દિવસ અગાઉ એક બળદ અડકી જતા તેનું મોત નિપજ્યું હતું. જે અંગેની ફરીયાદ શુક્રવારે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે કમજીભાઈ થાવરાજી માલવીયાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ નાળીયાવાડાના રમણભાઈ સવજીભાઈ મોડીયાએ તેમના મગફળીના ખેતરના ફરતે વીજ કરંટ આપેલો હતો.